સ્કૂલવાન સંચાલકની સદભાવના પૂર્ણ સમયસૂચકતાથી બાળકનો જીવ બચ્યો



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અંકલ... હવે રમકડા જુના થયા... જો, બ્લ્યુ ટુથવાળુ ડિવીસ વાપરતા હોય તો... મારા ટેબમાં એકાદી ફંકી -ગેઈમ ડાઉનલોડ કરતા જાવ...

# સિવિલમાં બી. પી. એલ. લાભાર્થીઓને પણ દવા બહારની લખી અપાય છે..?

ગાંધીનગર તા. ૨૩

ગાંધીનગર સિવિલમાં જિલ્લાભરના વિવિધ રોગના દર્દીઓ નિદાન અર્થે આવતા હોય છે. સિવિલ અધ્યતન અને આધુનિક બનતા દર્દીઓને મળતી માળખાકીય સુવિધા પણ વધારવામાં આવી છે. તેવી પરિસ્થિતમાં ગામડામાંથી આવતા મોટાભાગના દર્દીઓ માં અમૃતમ યોજના તેમજ બીપીએલના લાભાર્થીઓ હોય છે. સરકાર દ્વારા બીપીએલ લાભાર્થીને આરોગ્યલક્ષી સેવા નિશુલ્ક આપવામાં આવે છે. શહેરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં આવતા ગરીબ લાભાર્થીને પણ ડૉકટરો દ્વારા બહારની દવા લખી આપવામાં આવે છે. તેવી ફરિયાદો કેમ્પસમાં દર્દીઓ દ્વારા ઉઠવા પામી છે. જયારે બહારની દવા ખરીદવા માટે લાભાર્થીને સેવાકીય સંસ્થાનો આશરો લેવો પડે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જિલ્લાકક્ષાની હોસ્પિટલ હોવાથી જિલ્લાના ગામડામાંથી મોટાભાગના દર્દીઓ ગાંધીનગર આવતા હોય છે. કરોડો રુપીયાના ખર્ચે તૈયાર થયેલા નવિન બિલ્ડીંગમાં અધ્યતન સુવિધા દર્દીઓને પુરી પાડવામાં આવે છે.જેને પગલે આસપાસના જીલ્લાના પણ દર્દીઓ મોટીસંખ્યામાં આવે છે. સારી સુવિધા મળવાથી દર્દીઓ માટે હોસ્પિટલ આશિર્વાદરુપ બની રહી છે. ત્યારે સિવિલમાં આવતા ગરીબ બીપીએલ લાભાર્થીઓને ડૉકટરો દ્વારા બહારની દવા લખી આપવાની ફરિયાદ ઉઠવા પામી છે. જયારે સિવિલમાં આવતા બીપીએલ લાભાર્થીનો નંબર કેસ પેપર પર લખી દેવામાં આવે છે અને સિક્કો પણ મારવામાં આવે છે. જેથી નિદાન કરતા ડૉકટરને ખ્યાલ આવે કે તે બીપીએલ લાભાર્થી છે. છતા પણ ગણ્યા ગાંઠ્યા ડૉકટર આ રીતે બહારની દવા લખી આપે છે. તેવી ફરિયાદો કેમ્પસમાં આવતા દર્દીઓમાં ઉઠવા પામી છે. જયારે કેટલાંક ડૉકટર લાભાર્થી હોય અને બહારની દવા લખવાની જરુર જણાય તો પોતાના ખીસ્સામાંથી રુપીયા આપી દર્દીને મદદરુપ થતા હોય છે. દર્દીને બહારની લખી આપતા દર્દીઓ સેવાકીય સંસ્થાના સભ્યો પાસે મદદ મેળવી જરુરી દવા મેળવી રહ્યા છે. સિવિલમાં આવી પરિસ્થિતમાં માં અમૃતમ યોજના અને બીપીએલ લાભાર્થીઓની હાલત કફોડી બની રહે છે.

## ખૂણે ખાંચરેથી...

● સરદાર પટેલ વહીવટી સંકુલના બ્લોક નં.૧ માં આવેલ આયુર્વેદ દવાખાનાના કાચ વાનરોએ તોડી નાખ્યા છે.

● આજે બપોરે સામાન્યત : ગુરુવારે યોજાતો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ યોજાયો હતો.

● સંસ્કૃત ભારતીનું પ્રાંતિય અધિવેશન ગુરુવારથી આરંભાઈ રહ્યું છે.

● દરેક મુખ્ય માર્ગ નજીક નાના સાઈન બોર્ડ મુકાયા છે તે મુકવામાં ઘમી ભુલો થવા પામી છે. જેમ કે જિલ્લા પંચાયતનો રસ્તો અને સ્વર્ણિમ પાર્કનો રસ્તો પણ ખોટો દર્શાવાયો છે.

● શિક્ષણ વિભાગે જિલ્લાઓને પ્રિ-ગુણોત્સવ નહિ યોજવાની આપેલી સૂચનાને પગલે જિલ્લાનો પ્રિ-ગુણોત્સવ કાર્યક્રમ મુલત્વી રહ્યો છે.

● સ્વર્ણિમ સંકુલ અને વિધાનસભાની આસપાસ કાર્યક્રમ લેન્ડ સ્કેપીંગમાં આસોપાલવના વૃક્ષોની વાવણી કરાઈ છે.

● જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખના નવા બોર્ડ લાગી ગયા છે.

● સચિવાલ સંકુલમાં આજે પ્રવેશને લઈ કડક ચેકિંગ રખાતાં કર્મચારીઓમાં તે બાબતને લઈ ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી.

● આજથી જિલ્લામાં કર્મચારીઓ માટે ચાર દિવસનું મીની વેકશન શરુ થઈ રહ્યું છે.

# એસ.ટી. ડેપો બહાર સ્થિત પાન બિડીના ગલ્લાનું તાળુ તુટયું

## સિગારેટના પેકેટ, તમાકુની પડીકીઓ અને ગેસની બોટલ પણ તસ્કરો ઉઠાવી ગયા

ગાંધીનગર, તા. ૨૩

શહેરના કોઈ સેકટરમાં ખુણા ખાંચરામાં આવેલા કોઈ મકાનનું કે અંતરીયાળ કોઈ ગામના મકાનનું તાળુ તુટે અને ચોરી થાય તો માની લઈએ છીએ કે ભાઈ આટલી ઓછી પોલીસ ત્યાં કયાં પહોંચે? પરંતુ મુખ્ય માર્ગ પર પણ તસ્કરો લારી ગલ્લાના તાળા તોડીને ચોરી કરી જાય.. તે પણ સતત અવર જવર રહેતી હોય તેવા એસ.ટી. ડેપોની બહારના વિસ્તાર પાસે... તો સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે શું પોલીસ કયાંય ના પહોંચે? નાઈટ પેટ્રોલીંગમા ડંડા ખખડાવીને ચા નાસ્તા કર્યા બાદ લાંબુ લસ... ઝોકું ખાઈ લેતી પોલીસ હવે સાચા અર્થમાં સઘન નાઈટ પેટ્રોલીંગ કરે તેવી માંગ ઉઠવા પામી છે...!

મુસાફરોની સતત અવર જવર રહેતી હોય તેવા ઘ-૩ સર્કલ નજીક એસ.ટી. ડેપોનાં આઉટ ગેટ પાસે એક પાન બિડીના ગલ્લાને તસ્કરોએ નિશાન બનાવ્યું અને ગલ્લાનું તાળુ તોડીને અંદરથી ચા બનાવવા વપરાતો ગેસનો બાટલો, સિગારેટના પેકેટો અને પાનબિડીના પેકેટો ચોરી કરી તસ્કરો સરકી ગયા હતા. સઘન નાઈટ પેટ્રોલીંગ કરતી પોલીસને ગંધ સુધ્ધાં ન આવી! ઈન્દ્રોડા ગામના બાબુજી ઠાકોરને ગઈ કાલે સવારે તેમના પાન બિડીના ગલ્લામાંથી ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું ત્યારે ધ્રાસકો પડયો હતો. નાના માણસ માટે આટલી માલમત્તાની ચોરી એક મહિનાનું રાશન ભરવામાં મદદરૂપ થાય તેટલી હતી! જો કે બાબુજી ઠાકોરે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું...!

# સ્કૂલવાન સંચાલકની સદભાવના પૂર્ણ સમયસૂચકતાથી બાળકનો જીવ બચ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના એક સ્કૂલવાન સંચાલકની સમય સૂચકતાને કારણે એક બાળકને ગંભીર પરિસ્થિતિમાં



તુરંત સારવાર મળી જવાથી નવજીવન પ્રાપ્ત થયું છે. પોતાની સ્કૂલવાનના બાળક પ્રત્યે આટલી બધી પ્રતિબધ્ધતા દાખવી માનવીય સદભાવનાનું અનોખું ઉદાહરણ પુરું પાડનાર સ્કૂલવાન સંચાલક તથા તેના ડ્રાઈવર ભાઈનો બાળકના માતા પિતા ઉપકાર માની ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા.

પેથાપુરના સ્કૂલવાન સંચાલક ભુરાભાઈ પઠાણની વાન તેમના ભાઈ માસૂમ પઠાણ ચલાવે છે. આ વાનમાં પેથાપુર ઉપરાંત ગાંધીનગરના અનેક સેકટરના વિદ્યાર્થીઓ માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે આવન જાવન કરે છે. મંગળવારે રાબેતા મુજબ માસૂમ પઠાણ સ્કુલ છુટતા બાળકોને લઈ પરત ફરી રહ્યા હતા ત્યારે સે-૨૪

## પેથાપુરના સ્કૂલવાન સંચાલક ભૂરાભાઈ પઠાણ અને તેમના ડ્રાઈવર ભાઈ માસૂમ પઠાણની સદભાવનાની અનોખી કહાની

ચાર રસ્તા નજીક અચાનક પેથાપુરથી આવતા ધો-૮ના વિદ્યાર્થી યશ પટેલને હીંચકી ચઢી અને મોઢે ફીણ વળવા લાગ્યા હતા. ગણતરીની સેંકડોમાં બાળક ગાડીમાં બેહોશ થઈ ગયું હતું. આથી ગભરાયેલા માસૂમ પઠાણે પોતના ભાઈ વાન સંચાલક ભુરાભાઈને ફોન કર્યો અને સમગ્ર ઘટના જણાવી હતી. ભુરાભાઈ પઠાણે એક પણ ક્ષણ બગાડયા વગર તુરંત જ સિવિલ હોસ્પિટલ લઈ જવા માસૂમ પઠાણને આદેશ આપ્યો. એક તરફ ડ્રાઈવર તમામ બાળકો સહિત તાબડતોબ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યો અને બીજી તરફ ભુરાભાઈએ પોતાના રીક્ષા ચાલક મિત્રને ફોન કરી સંકટ સમયે જરૂર પડે તે માટે થોડા પૈસા પોતાના ભાઈને પહોંચાડવા તાકીદ કરી દીધી આ દરમિયાન તેમણે બાળકના વાલીને પણ ઘરે ફોન કરી દીધો હતો પરંતુ બાળકના ઘરે તેની માતા અને બહેન જ હોવાથી ભુરાભાઈને સમજાઈ ગયું કે તેમને આવતા વાર લાગશે. આથી પોતાના ભાઈને બાળકની તુરંત સારવાર કરાવવા સૂચના આપી દીધી હતી.

સિવિલ હોસ્પિટલમાં બાળકને તાત્કાલિક સારવાર આપવાનું ચાલી કરી દેવાયું તે દરમિયાન થોડીક વારમાં બાળકના મા-બાપ આવી પહોંચ્યા હતા અને તેમણે સ્કૂલવાનના

● અનુસંધાન પાના - ૭ પર

# નર્સિંગ કોલેજમાં ફ્રેશર્સનું "વેલકમ" કરાયું

## આ સાથે વિદ્યાર્થીઓએ નાતાલની પણ ભવ્ય ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે. ૧૨માં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે તાજેતરમાં ફ્રેશર્સ "વેલકમ" પાર્ટી યોજવામાં આવી હતી. આ સાથે કાર્યક્રમો સાથે ડાન્સની ભરપુર મજા માણી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા પ્રભુ ઈશુ ખ્રિસ્તના જન્મ અને ઉછેરની કહાની દર્શાવતુ સુંદર નાટક રજૂ કર્યુ હતું. કોલેજના આચાર્યા



વિદ્યાર્થીઓએ નાતાલની ભવ્ય ઉજવણી પણ કરી હતી.

નર્સિંગ કોલેજના પ્રથમ વર્ષ બીએસસી એમએસસી તથા પોસ્ટ બેઝિકમાં જોડાયેલા આશરે સો થી વધુ વિદ્યાર્થીઓને આવકારવા ફ્રેશર્સ વેલકમ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાર્ટીમાં વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક રવિના ક્રિશ્ચિયને પણ વિદ્યાર્થીઓને ઈશુ ખ્રિસ્ત અંગે માહિતી અને તેમના જીવન સંદેશ અંગે માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં કેમ્પસી ડાયરેકટર આર.જે. વ્યાસ, લાયબ્રેરિયન અંજના બારોટ સહિત સમગ્ર કર્મચારીગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

સેકટર-૨૩ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી તા. ૨૪મી એપ્રિલના રોજ ચોથા સમૂહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમમાં સમાજના વધુમાં વધુ ૨૫ બાળકોને યજ્ઞોપવિત આપવામાં આવશે. યજ્ઞોપવિતના ફોર્મ વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે.

# આજે ઈદે મિલાદ પર્વની ઉજવણી જુમ્મા મસ્જિદથી જુલુસ નીકળશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં આજે ઈદે મિલાદના પર્વની ઉજવણી કરવામાં આવશે. કોમી એખલાસ અને ભાઈચારાના માહોલ વચ્ચે સેકટર-૨૧ સ્થિત જુમ્મા મસ્જિદથી સવારે ૮.૩૦ કલાકે ભવ્ય જુલુસ નીકળશે.

આ જુલુસ સેકટર-૨૧ના આંતરિક માર્ગો પર થઈ જુમ્મા મસ્જિદ પરત થશે. આ દરમિયાન મુસ્લિમ બિરાદરો દ્વારા જુલુસનું સ્વાગત કરવામાં આવશે.

મહંમદ પયગંબરના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે શહેર અને જિલ્લાઓમાં વિવિધ સ્થળોએ ઈદે મિલાદની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગરમાં પણ મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદના પર્વની ઉજવણી કરાશે જે અન્વયે સેકટર-૨૧ સ્થિત જુમ્મા મસ્જિદથી સવારે ૮.૩૦ કલાકે જુલુસ નીકળશે.

# યુથ હોસ્ટેલ ખાતે વિકાસપીડિયા માર્ગદર્શન વર્કશોપ યોજાયો

## ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત વર્કશોપમાં વિકાસપીડિયાની તાલીમ અપાઈ : વિકાસપીડિયા પોર્ટલ દ્વારા જુદા જુદા વિષયે માહિતીનું આદાનપ્રધાન થઈ શકે છે

ગાંધીનગર, તા. ૨૩

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ ૧૯૯૭ થી ગુજરાત રાજ્યમાં જળ અને સ્વચ્છતા, મહિલાશાસકતીકરણ, તાલીમ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે. લોકોનો સામાજિક આર્થિક અને શૈક્ષણિક વિકાસ થાય તેવા વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. તે અંતર્ગત ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભારત સરકાર C-Dacના ના વિકાસપીડીયા પોર્ટલ અંગેની જાણકારી માટે એક દિવસીય ડેવલોપમેન્ટ ગેટ વે ઈલેકટ્રોનિક ધ્વારા જુદી જુદી દસ ભાષામાં આઈસીટી પહેલ એટલેકે વિકાસ પીડીયાની શરૂઆત કરવામાં આવી હતી જેની ગુજરાત સ્ટેટની નોડલ એજન્સી તરીકે સી ડેક કાર્યરત છે ત્યારે આ પોર્ટલ વિષે લોકોને જાણકારી મળે તથા લોકો તેમાં પોતાનું યોગદાન આપે તે ઉદ્દેશથી ઉદગમ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ગાંધીનગર જીલ્લા લેવલની એકદિવસીય કાર્યશાળાનું આયોજન કર્યુ હતું. વિકાસપીડીયાના ગુજરાત રાજ્યના વિવિધ વિષયો ઉપર ચર્ચા કરી શકાય તેની જાણકારી આપી હતી. તેઓએ કીધું હતુ કે આમાં બે રીતે નોધણી કરવી શકાય છે, સભ્ય તરીકે જે ફક્ત માહિતી જોઈ શકે અને માહિતી લઈ શકે છે અને માહિતી આદાન-પ્રદાન કરનાર તરીકે-જે પોતાની જાણકારીમાં હોય એવી વિવિધ વિષયોની માહિતી એના પર મૂકી શકે અને બીજા સભ્યો જોડે ચર્ચા વિચારણા કરી શકે છે. ત્યારબાદ તેઓએ માહિતીની આપલે કરવા કેવી રીતે રજીસ્ટેશન લોકો ઉપયોગ કરે માહિતી આપે તથા મેળવે અને આ પોર્ટલ વિષે બીજાને પણ જણાવવા અનુરોધ કર્યો હતો. આ પોર્ટલ ધ્વારા જીવનોપયોગી માહિતી દરેક વ્યક્તિને પોતાનીજ માતૃભાષામાં મળી રહે તેમ છે બસ તેમાં દરેક વ્યક્તિના સહયોગની જરૂર છે. તેથી સહુ સાથે મળી આ ભગીરથ કાર્યને સ્વીકારી ભારતના વિકાસના ભાગીદાર બનીએ તેમ જણાવ્યું. ઉદગમ ભવિષ્યમાં ગાંધીનગરની વિવિધ કોલેજો અને યુનીવસીટીઓમાં યુવાનો





વર્કશોપનું આયોજન નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર, યુથ હોસ્ટેલ અને ઉત્થાન નાં સહયોગથી તા. ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ યુથ હોસ્ટેલ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આજે વિશ્વમાં માહિતીનો વિસ્ફોટ થઈ રહ્યો છે ત્યારે લોકોના કર્યો અને અનુભવોને વાચા મળે તે ખુબ જરૂરી છે ત્યારે ભારત સરકાર ના આઈ ટી વિભાગ તથા ઈંડિયન નોડેલ ઓફીસર નમ્રતાબેન શાહ ધ્વારા વિકાસપીડીયા વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે વિકાસપીડીયા પોર્ટલમાં જુદી જુદી દસ ભાષાઓ માં માહિતીની આપલે થઈશકે છે. છ વિષયો જેવા કે કૃષિ, આરોગ્ય, શિક્ષણ, ઈ-શાસન, સમાજ કલ્યાણ અને ઉર્જા વિષય પર માહિતી મેળવી શકાય અને આપી શકાય છે. આ પોર્ટલ પર કરવું તે અનાગેની જાણકારી આપી હતી તથા આવેલ લોકોનું ત્યાજ લેપટોપમાં રજીસ્ટેશન કર્યું હતું. વિકાસપીડિયા દ્વારા માહિતીનું આદાન-પ્રદાન કરનાર વ્યક્તિઓ માટે વિકાસપીડિયા વિવિધ ઓનલાઈન સ્પર્ધાઓ પણ કરવામાં આવે છે તે અંગે જણાંવ્યું હતું.

ઉદગમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.મયુર જોશીએ વિકાસપીડિયા પોર્ટલનો વધુમાં વધુ વિકાસપીડિયા પોર્ટલમાં પોતાનો સહયોગ આપે તે માટે ભવિષ્યમાં કાર્યશાળાનું આયોજન પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જુદા જુદા સરકારી વિભાગો, સંસ્થાઓ, કોલેજના વિદ્યાથીઓ તથા જાગૃત નાગરીકો જોડાયા હતા. સમગ્ર કાર્યાશાળાને સફળ બનાવવા માટે નેહરુ યુવા કેન્દ્રના યુથ સંયોજક રજનીકાંત સુથાર અને સંજય પ્રજાપતિનો સહયોગ સાંપડ્યો હતો.

